## પ્રેરણા વિદ્યાલયે કર્યું ઈતિહાસનું સર્જન

# નગરની પહેલી બાળ રથયાત્રા સફળતમ



























પ્રેરણા વિદ્યાલય, સૅક્ટર-૫ દ્વારા આયોજિત ગાંધીનગર શહેરની પહેલી બાળ રથયાત્રા સફળતમ રહી હતી. નશાબંધીનાં સૂત્રોથી સજેલાં કતારબંધ ગોઠવાયેલાં રથ, રથમાં ઈશ્વરની પ્રતિકૃતિ સજીને બેઠેલાં વિદ્યાર્થીઓ, રથની બંને તરફ વર્દીમાં સજ્જ ઍસપીસીના સભ્યો, યુનિફોર્મમાં સજ્જ વિદ્યાર્થીઓ અને શિક્ષકો અને રથમાં બેઠેલાં બાળકોએ કૃષ્ણપ્રેમી બૂલંદ સૂત્રોચ્ચારથી વાતાવરણને આનંદ-ઉલ્લાસથી ભરી મૂક્યું હતું. ઉલ્લેખનીય છે કે શહેરમાં રથયાત્રાનો ચાલ ઘણો જૂનો છે, પરંતુ નગરના સૅક્ટર-૩, ૪ અને પાંચ એવાં છે જ્યાં રથયાત્રા પહોંચતી નથી. આ સૅક્ટર્સમાં પ્રેરણા વિદ્યાલય દ્વારા આ વર્ષથી રથયાત્રાનો પ્રારંભ કરવામાં આવ્યો છે. જે વિસ્તારોમાંથી આ રથયાત્રા નીકળી ત્યાં લોકોએ આનંદ ને આશ્ચર્યથી તેને નિહાળી હતી. 'ગાંધીનગર શહેરમાં આટલાં વર્ષોથી રહીએ છીએ પણ અમારે આંગણે રથયાત્રા અમે પહેલીવાર જોઈ !' એવા ખુશીના ઉદ્ગાર ઘણા નાગરિકોએ ઉચ્ચાર્યા હતા. તો ઘણા એવી પણ ચર્ચા કરતા જોવા મળ્યા હતા કે 'રથયાત્રા તો આવતીકાલે છે ને ? આજે કેવી રીતે નીકળી ?' નાગરિકોને પ્રસાદ વહેંચવાની જવાબદારી વિદ્યાર્થીઓએ તો રથયાત્રાના સ્વાગતનો મોર્ચો પ્રેરણા વિદ્યાલયના વિદ્યાર્થીઓના વાલીઓએ સુપેરે સંભાળી લીધો હતો. સઘળાં બાળકોને પોતાનાં બાળકો ગણીને વાલીઓએ એમના માટે પાણી, શરબત, છાશ, બિસ્કીટ અને પ્રસાદનો જે પ્રવાહ વહાવ્યો એ માત્ર વિદ્યાર્થીઓનાં તનને જ નહીં, મનને પણ સ્પર્શી ગયો. નાનાં બાળકો દ્વારા રથયાત્રાના માર્ગમાં આવતો કચરો મોટા વિદ્યાર્થીઓએ જ એકઠો કરી લીધો અને આમ તહેવારની ઉજવણીથી શહેરને નુકશાન ન થાય એ વાતનું પણ તેમણે ધ્યાન રાખ્યું. ન માત્ર વિદ્યાર્થીઓએ પરંતુ પ્રેરણા વિદ્યાલયના સમગ્ર સ્ટાફે પણ વિદ્યાર્થીઓના તાલ સાથે તાલ મિલાવી યાત્રાના આરંભથી વિરામ સુધી ઉજવણીના ઉત્સાહને જાળવી રાખ્યો ને એ કારણે આ વિશિષ્ટ રથયાત્રા સફળતાને વરી હતી.

### ડાયરેક્ટ ❤ સે

ધર્મને જેટલો સંબંધ
ઈશ્વર સાથે છે
તેનાથી
અનેકગણો સંબંધ
મનુષ્ય સાથે છે
- પ્રો. જીવનલાલ પરીખ

### મનોરંજન

**સિટી પલ્સ**

**સ્ક્રીન-૧**
ટ્યુબલાઈટ
૧.૩૦, ૪.૩૦
૭.૩૦, ૧૦.૩૦
**સ્ક્રીન-૨**
ટ્યુબલાઈટ
૧૨.૩૦, ૩.૩૦
૬.૩૦, ૯.૩૦
**સ્ક્રીન-૪**
રાબતા
૧૨.૪૫
બાહુબલિ-૨
૩.૪૫
હિન્દી મીડિયમ
૭.૦૦
કરસનદાસ પે ઍન્ડ યુઝ
૯.૩૦
**સ્ક્રીન-૫**
ટ્યુબલાઈટ
૧૧.૩૦, ૨.૩૦, ૮.૩૦
**સ્ક્રીન-૬**
ટ્યુબલાઈટ
૫.૩૦
હિન્દી મીડિયમ
સવારે ૧૦.૦૦
રાબતા
૧૨.૪૫

## પ્રવીણ ગઢવીનાં બે પુસ્તકો અંગે આજે કલ્પેશ પટેલનો વાર્તાલાપ

ગાંધીનગર, તા. ૨૪

દલિત સાહિત્ય વિમર્શના ઉપક્રમે જાણીતા કવિ, વાર્તાકાર, વિવેચક પ્રવીણભાઈ ગઢવીના બે દલિત વાર્તાસંગ્રહ 'આભડછેટના ઓછાયા' અને 'છદ્મરૂપ' અંગે જાણીતા વાર્તાકાર, વિવેચક કલ્પેશ પટેલનો વાર્તાલાપ રવિવાર, તા. ૨૫ જૂનના રોજ ડૉ. આંબેડકર ભવન, સેક્ટર-૧૨, ગાંધીનગર ખાતે સાંજે ૫.૩૦ કલાકે યોજવામાં આવ્યો છે. સાહિત્યરસિકોને આ પ્રસંગે ઉપસ્થિત રહેવા દલિત સાહિત્ય વિમર્શ મંચ તરફથી ઈજન પાઠવવામાં આવ્યું છે.

## સ્વામી શ્રી હરિકેશવદાસજીનો આજે જન્મદિન ભક્તો દ્વારા ભાવવંદના પ્રસ્તુત કરવામાં આવી



સ્વામિનારાયણ મંદિર, સોકટર-૨૩ના શાસ્ત્રી સ્વામી શ્રી હરિકેશવદાસજીનો આજે જન્મદિન છે. ભક્તો દ્વારા સ્વામીજીને એમના આ ૮૩મા જન્મદિને ભાવપૂર્વક વંદના પ્રસ્તુત કરવામાં આવી છે. ઉલ્લેખનીય છે કે સ્વામીજી સ્વામિનારાયણ સંપ્રદાયના એક મહત્ત્વપૂર્ણ રત્ન તરીકે લેખાય છે. તેમણે મનુષ્યકલ્યાણ માટે અનેકવિધ ઉપક્રમો આયોજ્યા છે તથા અનેક ગ્રંથોની રચના કરી છે.

## સરકારી વિનયન કૉલેજમાં શૈક્ષણિક કાર્યનો આરંભ

ગાંધીનગર, તા. ૨૪

સરકારી વિનયન કૉલેજ ખાતે શૈક્ષણિક કાર્યનો આરંભ કરવામાં આવ્યો છે.

આ અંગેની એક અખબારી યાદીમાં કૉલેજના આચાર્ય દ્વારા જણાવવામાં આવ્યું છે કે કૉલેજનું શૈક્ષણિક કાર્ય શરૂ કરી દેવામાં આવ્યું છે અને કૉલેજ તથા કાર્યાલયનો સમય સવારે ૮થી ૧નો નિયત કરવામાં આવ્યો છે.

## સૅક્ટર-૭ સરકારી પ્રાથમિક પગાર કેન્દ્ર શાળાએ પ્રવેશોત્સવની ઉજવણી કરી

ગાંધીનગર, તા. ૨૪

સરકારી પ્રાથમિક પગાર કેન્દ્ર શાળા, સેક્ટર-૭ દ્વારા પ્રવેશોત્સવની ઉજવણી કરવામાં આવી હતી. આ પ્રસંગે મુખ્ય અતિથિ તરીકે રાજ્યના મુખ્ય સચિવ જે એન સિંઘ ઉપસ્થિત રહ્યા હતા.

ગાંધીનગર મહાનગરપાલિકા તરફથી બાળકોને દફતરની ભેટ ધરવામાં આવી હતી. ઉપરાંત જેસીઆઈ-ગાંધીનગર, સ્વયંસિધ્ધા મહિલા મંડળ અને ભરતભાઈ પ્રજાપતિ દ્વારા બાળકોને શૈક્ષણિક કિટ ભેટ ધરવામાં આવી હતી. આ પ્રસંગે ધોરણ-૩થી ૮ના શ્રેષ્ઠ વિદ્યાર્થીઓને ઈનામો આપીને પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા.

મુખ્ય સચિવ જે એન સિંઘે વિદ્યાર્થીઓના શિક્ષણનું મૂલ્યાંકન પણ કર્યું હતું. આચાર્ય તથા સમગ્ર સ્ટાફે ઉત્સાહપૂર્વક ભાગ લઈ આ કાર્યક્રમને સફળ બનાવ્યો હતો. વિદ્યાર્થીઓના વાલીઓ અને સ્થાનિક નાગરિકો આ પ્રસંગે શાળામાં ઉપસ્થિત રહ્યા હતા.

## શ્રી જયપ્રકાશ વિદ્યાલય ખાતે પ્રવેશોત્સવની ઉજવણી કરાઈ



સેક્ટર-૨૬માં કાર્યરત શ્રી જયપ્રકાશ વિદ્યાલય ખાતે પ્રવેશોત્સવની ઉજવણી ઉલ્લાસપૂર્ણ વાતાવરણમાં કરવામાં આવી હતી. આ પ્રસંગે મુખ્ય અતિથિ તરીકે અર્બન ડેવલપમેન્ટ અને હાઉસિંગ ડિપાર્ટમેન્ટના અન્ડર સેક્રેટરી સિમરનબેન પોપટાની, નાયબ જિલ્લા નિરંતર જિલ્લા શિક્ષણાધિકારી આર એ સોલંકી અને સીઆરસી સ્મિતાબેન જાની ઉપસ્થિત રહ્યા હતા. મહાનુભાવો દ્વારા ધોરણ-૧ અને ધોરણ-૯ના વિદ્યાર્થીઓને કુમકુમ તિલક કરી શાળામાં પ્રવેશ કરાવવામાં આવ્યો હતો તથા તેમને પુસ્તકો અને અભ્યાસ કિટ ભેટ આપવામાં આવી હતી. આ પ્રસંગે યોગ નિદર્શન અને વૃક્ષારોપણ કાર્યક્રમનું આયોજન પણ કરવામાં આવ્યું હતું.

## આર જી - એસ બી પટેલ કન્યા શાળામાં પ્રવેશોત્સવની ઉજવણી કરવામાં આવી

ગાંધીનગર, તા. ૨૪

શ્રીમતી આર જી પટેલ કન્યા માધ્યમિક અને શ્રીમતી એસ બી પટેલ કન્યા ઉચ્ચતર માધ્યમિક શાળા, સૅક્ટર-૨૩નો પ્રવેશોત્સવ ખીમજી વિસરામ હોલ ખાતે યોજવામાં આવ્યો હતો.

આ કાર્યક્રમમાં મુખ્ય મહેમાન તરીકે ગૃહ વિભાગના અધિક મુખ્ય સચિવ ઍમ ઍસ ડાગુર, અતિથિ વિશેષ તરીકે જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવનના પ્રાચાર્ય આઈ વી પટેલ, લાયઝન અધિકારી દેવીલાબેન ઠાકર ઉપસ્થિત રહ્યાં હતાં. કાર્યક્રમની શરૂઆત પ્રાર્થના અને અભિનય ગીત સાથે કરવામાં આવી હતી. સ્વાગતવિધિ આચાર્ય સુધાબેન પટેલના હસ્તે સંપન્ન થઈ હતી. શાળાની પૂર્વ વિદ્યાર્થીની ઝલક બી પટેલ જે હાલ સચિવાલયમાં મહિલા આયોગમાં પોતાની ફરજ બજાવે છે તેનું શાળાનાં સુપરવાઈઝર ગિતેષભાઈ પટેલના હસ્તે સન્માન કરવામાં આવ્યું હતું. શાળાના નિવૃત્ત વડિલ કર્મચારી બળદેવભાઈ પટેલનું સન્માન નારણભાઈ બારોટના હસ્તે કરાયું હતું.

આ પ્રસંગે સર્વ વિદ્યાલય કેળવણી મંડળ દ્વારા પ્રકાશિત પુસ્તક 'નિયમિતતા'નું વિમોચન અતિથિઓના હસ્તે કરવામાં આવ્યું હતું. શાળાની વિદ્યાર્થીની હિના પરમાર, ક્રિમા બારોટ, માધવી પાટીલે 'બેટી બચાવો, પાણી બચાવો અને વૃક્ષારોપણ' જેવા વિષયો પર પોતાનાં વક્તવ્યો આપ્યાં હતાં. આ પ્રસંગે અતિથિઓના હસ્તે વિદ્યાર્થીઓને શિષ્યવૃત્તિ અને સાઈકલનું વિતરણ પણ કરવામાં આવ્યું હતું. ધોરણ-૧૨ અને ૧૦ની પરીક્ષામાં ઉચ્ચ પરિણામ પ્રાપ્ત કરનાર વિદ્યાર્થીઓને પણ આ પ્રસંગે સન્માનવામાં આવ્યા હતા. કાર્યક્રમના અંતે અતિથિઓના હસ્તે વૃક્ષારોપણ પણ કરવામાં આવ્યું હતું.

## આરાધના સ્કૂલ દ્વારા શાળા પ્રવેશોત્સવની ઉજવણી કરાઈ

ગાંધીનગર, તા. ૨૪

આરાધના વિદ્યાવિહાર ખાતે ધોરણ-૯માં નવો પ્રવેશ મેળવનાર વિદ્યાર્થીઓ માટે શાળા પ્રવેશોત્સવ તથા કન્યા કેળવણી મહોત્સવની ઉજવણી કરવામાં આવી હતી.

આ પ્રસંગે મુખ્ય મહેમાન તરીકે નાયબ જિલ્લા પ્રાથમિક શિક્ષણ અધિકારી દિનેશભાઈ કલસરિયા, શહેર ભાજપ મહિલા મોરચાના પ્રમુખ મણીબેન દેસાઈ, અંબાલાલ પટેલ અને શાળાના મેનેજિંગ ટ્રસ્ટી રમણભાઈ પટેલ ઉપસ્થિત રહ્યા હતા, જેમના હસ્તે ધોરણ-૯ના ૨૭૫ વિદ્યાર્થીઓને પાઠ્યપુસ્તકોનો સેટ ભેટ ધરવામાં આવ્યો હતો.

આ પ્રસંગે વિદ્યાર્થીઓ દ્વારા ગૌરવ ગાન, સ્વાગત ગીત, યોગ નિદર્શનની સુંદર રજૂઆત કરવામાં આવી હતી. શાળા પરિવાર અને દાતાઓ તરફથી શાળાના શ્રેષ્ઠ વિદ્યાર્થીઓને સન્માનિત પણ કરવામાં આવ્યા હતા.

કન્યા કેળવણીને પ્રોત્સાહિત કરવા માટે સરકારની સહાય યોજના હેઠળ સાઈકલનું વિતરણ વિદ્યાર્થીનીઓને કરવામાં આવ્યું હતું. કાર્યક્રમના અંત ભાગમાં મહેમાનો દ્વારા વૃક્ષારોપણ પણ કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે મોટી સંખ્યામાં વાલીઓ તથા સ્થાનિક નગરજનો ઉપસ્થિત રહ્યા હતા.

સમગ્ર કાર્યક્રમનું સંચાલન વિદ્યાર્થી કરિશ્માબેન જાદવ અને યુવરાજ ડાભી દ્વારા કરવામાં આવ્યું હતું. આભારવિધિ આચાર્ય વી ડી પટેલ દ્વારા કરવામાં આવી હતી. કાર્યક્રમને સફળ બનાવવા માટે શિક્ષકો અને વહીવટી સ્ટાફે સક્રિય સહયોગ આપ્યો હતો.